## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

તમે મન મૂકી વરસો, ઝાપટું આપણને નહીં ફાવે,
અમે હેલીના માણસ, માવઠું આપણને નહીં ફાવે.
કહો તો માછલીની આંખમાં ડૂબકી દઇ આવું,
પણ આ છીછરું ખાબોચિયું આપણને નહીં ફાવે.
- ખલીલ ધનતેજવી

### પાથેય

- રમેશ ઠક્કર

## ઠરીઠામ થઈ જતો લય...

માવઠાથી મંજાયેલા આકાશની શોભા અનેરી છે..વાદળીઓ જાણે ડિટરજન્ટ સાબુથી ધોઈ હોય એવી ઉજળી અને આકર્ષક બની આમતેમ ઉડી રહી છે...વહેલી સવારનો પવન આજે તાજગીના છડીદાર જેવો લાગી રહયો હતો.. વાદળોનાં આંખમિચામણાં આમ તો એકાદ પખવાડિયાથી ચાલી રહયાં છે.. એની સીધી અસર સવારના આખા અસબાબ ઉપર પડી રહી છે..ડમરીઓથી ડરીને એકાદ બે દિવસ તો ચાલવાનું ટાળ્યું..ચારેતરફ બધું થાળે પડી રહયું હોય એવો અનુભવ થઈ રહયો છે..મને આ ‘થાળે પડવા,’ની ઘટના માટે ભારે કુતુહલ છે..!

ખુલ્લી આ સડક પણ રોજરોજ કેટલાં રૂપ બદલે છે..હમણાં ગત ચોમાસે ધોધમાર વરસાદ વચ્ચે પૂરપાટ જતી ગાડીના એકલખૂણે લપાઈને મેં એનો નજારો જોયો હતો..સાચું કહું તો મને બે ઘડી બહાર નિકળી ધોધમાર નાહી લેવાની તીવ્ર ઈચ્છા થઈ ગઈ હતી..પણ કમાલ છે પરિપકવતાની! કેવું લાગે હવે આટલી ઉંમરે કોઈપણ કારણવગર ભીંજાઈ જવાનું? અને એ એક જ પ્રશ્ન ઉપર પૂર્ણવિરામ ફરી ગયું..વાઈપર્સ ઉપર સરકતા પાણીની જેમ..! આપણે તો આમ પણ એવું જ છે..માવઠું ભીંજવી શકે નહીં.. મઅને ચોમાસે ચોમાસે કોરા ! એવું ઘણીવાર લાગે છે કે આ કોરાપણું ત્યજીને કોઈક ભીનાશના સાનિધ્યમાં થાળે પડી જવા જેવું હતું! જીવન કોઈ વસવસાના ભરોંસે થોડું ચાલે છે? આકાશનો આજનો મિજાજ જાણે બાર ખાંડીનો હતો..હું પણ આજે ચાલી લેવાના મૂડમાં જ હતો...પાટનગરની એ પહેલ છે કે ગમે તે રસ્તે તમે નીકળો લીલોતરી તમને મફત મળે ! હમણાં જ બાલ્યાવસ્થામાં જોયેલું સેવનનું એક ઝાડ આસપાસની ધરતીના સેવનને કારણે વટવૃક્ષ જેવું બની લ્હેરાઈ રહયું હતું..દાયકાઓથી રહું છું આ શહેરમાં પણ ગણ્યાંગાંઠયાં ઝાડ કે છોડ સિવાયનાં નામ સમ ખાવા પૂરતાં પણ જો આવડતાં હોય તો ! આવી તો ઘણી ઉણપ સાથે આપણે જીવતા હોઈએ છીએ એનું નામ જ કદાચ ઠરીઠામ થવું હશે ? આપણે અમુક બાબતો જાણતા હોઈએ કે અજાણ જીવન એની મેળે જ ઠરીઠામ થઈ જતું હોય છે !

સાચું કહું તો મને મળસકાની મજા મોજીલો બનાવે છે..સ્વભાવે આમ જો કે મારી પ્રકૃતિ ધીરગંભીર છે..કોઈક વધારે નિર્મમ બનીને અતડો પણ કહે ! પરંતું આવી કોઈ ઉઘાડ લેતી સવારે જો કોઈ મને ભેટી જાય તો એનું ભ્રમનિરસન ચોક્કસ થઈ જાય ! એમાં જો કોઈને દાદ દેવાની હોય તો ઉડતી આ વાદળીઓ અને બદલાતા એના રંગ અને આકારને જ આપી શકાય ! વર્ષાની હેલી વખતે એ બધું કયાં ગાયબ થઈ જતું હશે ? અને ઘડીક જયાં પોરો ખાવાની પળ શરૂ થાય એટલે અવળસવળ લાગતી એકસામટી આ વાદળીઓ કેવી ક્રમબધ્ધ ગોઠવાઈ જતી હોય છે ! મોહક એની આ અદા આમ જોઈએ તો થાળે પડવાની રોમાંચક ઘટના જ છે ને ! આપણે સહુ જાણેઅજાણે કયારેક ને કયારેક પાછા મુળ સ્થિતિમાં તો આવીએ જ છીએને..ચાલવું ,દોડવું,બેસી જવું,ઘરમાં ભરાઈ જવું .ગાયબ થવું અને પાછા પ્રગટ થવું એ જ આમ તો જીવવાનો લય છે..હમણાંથી મારો ક્ર્મ પણ બદલાયેલો હતો .એમાં પણ ઉઘાડબંધ થતા આકાશે તો લગભગ મને સ્થગિત કરી નાખ્યો હતો..ખુશનુમા સવારની એક છાલક જયાં ફરી વળી હું સડક ઉપર છવાઈ ગયો હતો! લાગે છે કે હું હવે ખરેખર થાળે પડી રહયો છું !

# મેવાણીની ઉપરાછાપરી ધરપકડ બૂમરેંગ થઈ શકે છે

**તંત્રીસ્થાનેથી...**

વિરોધીઓને એમની છઠ્ઠીનું ધાવણ યાદ આવી જાય ત્યાં લગી હેરાનપરેશાન કરી મૂકવા એ વર્તમાન શાસક વર્ગની પ્રકૃતિ બની ગઈ છે. તે સોનિયા ગાંધીની સારવાર પેટે એમ.એફ.હુસેનનું ચિત્ર કોઈ ધનકુબેરનો બળજબરીપૂર્વક પધરાવનાર પ્રિયંકા ગાંધી વિરુદ્ધ નિવેદન ઓકાવી શકે છે. ઈડી, સીબીઆઈ અને ઈનકમટેક્સના ડાઘિયા છોડી મૂકી વિરોધીઓનું જીવવું હરામ કરી મૂકે છે. જો કોઈ વગદાર વિપક્ષી નેતા આવા ચક્કરમાં ફસાવા ન માગતા હોય તો એના માટે પણ શાસક પક્ષ પાસે હજાર વિકલ્પો છે. એ પોતાની પાર્ટી વિરુદ્ધ પાર્ટીમાં જ રહીને સણસણતા સવાલ કરી શકે છે. પાર્ટી છોડી શકે છે. બી-ટીમ ગણાતી કોઈ નાની પાર્ટીમાં જોડાઈ શકે છે. સૌથી શ્રેષ્ઠ વિકલ્પ એ છે કે તે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રશંસા કરતી ટ્વિટ કરીને પોતાના ડીપીમાંથી વિપક્ષી ઓળખ ચિહ્ન હટાવી દે અને ભાજપમાં ભળવાના સંકેત આપી દે. હમણાં હાર્દિક પટેલે આ રસ્તો અખત્યાર કર્યો છે. એને કોંગ્રેસના સ્થાપિત નેતાઓ સ્વીકારતા નથી. રાહુલ ગાંધીએ આગાવી ધોરાજી ચલાવીનો એનો ગુજરાત પ્રદેશ કોંગ્રેસના કાર્યકારી અધ્યક્ષ જેના મોટા પદની નવાજેશ કરી ત્યારે ભાગ્યે જ કોઈ જૂના કોંગ્રેસીને તે ગમ્યું હશે. જૂના કોંગ્રેસીઓને નહેરુ-ગાંધી પરિવારની એકહથ્થુ દાદાગીરી પણ નથી જ ગમતી. પરંતુ તેઓ બોલી શકતા નથી. જે બોલવાની હિંમત કરે છે એની હાલત કપિલ સિબ્બલ જેવી થઈ જાય છે. કોંગ્રેસના ગઢના કાંગરા એક પછી એક ખરી રહ્યા છે પણ કહેવાતા ‘હાઈકમાંડ’ ના પેટનું પાણી હાલતું નથી. પાર્ટી પર ગાંધી પરિવાર સુવાંગ માલિકી હક્ક ધરાવતો હોય એમ ગમે તેટલા વિરોધ કે અધઃપતન છતાં રાહુલ ગાંધીને જ પાર્ટીનો ચહેરા તરીકે રજૂ કરવાની માતા સોનિયાની મમતા અકબંધ રહી છે. એથી કોંગ્રેસ હજી પણ એનું વજૂદ ગુમાવશે એવી અમિત શાહે ભોપાલમાં કરેલી આગાહી સાચી પડશે તેમ લાગે છે. છેલ્લે મેવાણીને લાડ લડાવવાના હેતુ સર જે સંનિષ્ઠ કોંગ્રેસી દલિત આગેવાન અને સિટીંગ ધારાસભ્યનો ભોગ લેવાયોલો તે મણિલાલ વાઘેલાએ નાછૂટકે કેસરિયો ખેસ પહેરી લીધો છે. શક્તિસિંહ ગોહિલ સંનિષ્ઠ આગેવાન છે. પરંતુ એમણે અહમદ પટેલના વિશ્વાસુ અનુયાયી તરીકે પોતાની સ્થિતિ જ મજબૂત કરી છે. લોકસભા કે વિધાનસભાની ચૂંટણીમાં જીતી શકવાની ક્ષમતા ગુમાવ્યા પછી એ રાજયસભામાં બિરાજે છે. એમને ખબર નથી કે ગુજરાતમાં કોંગ્રેસના નામે નામું લખાઈ ગયું છે. ભાજપ પ્રદેશ પ્રમુખે એમના હાઈકમાન્ડ ઉર્ફે મોદી-શાહને ૧૫૦ બેઠકો જીતી આપવાનું વચન આપ્યું છે. કોંગ્રેસ પાસે મુખ્યમંત્રી પદ માટેનો ચહેરો જ નથી અને જો થોડો ઘણો પણ લોકનજરમાં હોય તો એ શક્તિસિંહ ગોહિલ જ છે. શંકરસિંહ વાઘેલાને અપમાનિત કરી પાર્ટી છોડવા મજબૂર કરનારા હવે એમને પાછા લે તો પણ ઝાઝો ફરક પડે એમ નથી. રાહુલ ગાંધી માટે સમગ્ર પણે એક મસમોટી અપશુકનિયાળ જવાબદારી છે. કોંગ્રેસને અલબત્ત, ભાજપની કેટલીક ભૂલો લાભદાયક નીવડી શકે એમ છે. મેવાણીની એક પછી એક ગુના હેઠળ થઈ રહેલી ધરપકડ દલિત સમાજમાં રોંગ મેસેજ આપી શકે છે. કોંગ્રેસ નરેશ પટેલને સાથે લઈને પંદર-વીસ ટકા પાટીદાર વોટ ફેરવી શકે છે. પરંતુ એથી એની મૂળ ‘ખામ’ વોટબેંક ખતરામાં પડી શકે છે, ભાજપ પાસે જે હિંદુત્વનું અમોઘ શસ્ત્ર છે, એ છેલ્લે તો એના જ જયજયકારમાં પરિણમતું રહ્યું છે. એની સામે રાહુલની જનોઈ કે પ્રિયંકાની ત્રિવેણી સંગમમાં ડૂબકી ફિક્કી પડે છે. એમના કરતાં મોદી વધુ સારો અભિનય કરી શકે છે.

# ટેકનોલોજી અને કલ્પનાશીલતાનો સમન્વય

**મન-રંજન**
**દ્વનિલ પારેખ**



‘બાહુબલી-૧’ આવી ફિલ્મ રજૂ થઈ હતી ત્યારે એણે કરેલા રુપિયાની કમાણી કરી હતી એની જ સતત ચર્ચા ચાલતી હતી. એ પછી બાહુબલી-૨ ફિલ્મ આવી એણે પણ કમાણી કરવાના મુદ્દે ‘બાહુબલી-૧’ કરતા પણ આગળ નીકળી ગઈ રાજા મૌલિના દિગ્દર્શન હેઠળ બનેલી આ સિરિઝ ફિલ્મ એમાંના એકશન દશ્યો અને ચમત્કાર જેવા દશ્યોને કારણે લોકોને આકર્ષી ગઈ હતી. રાજા મૌલિની કલ્પનાને પણ એટલો જ યશ આપવ રહ્યો. પરંતુ હવે, જે ફિલ્મો ભારતમાં અને ખાસ કરીને દક્ષિણમાં બને છે, એમાં ટેકનોલોજીનો ભરપૂર ઉપયોગ થાય છે. વીએફએક્સ ટેકનોલોજી આવી જવાનો કારણે કલ્પનાશીલતાને મોકળુ મેદાન જરૂર મળ્યું પણ એનો આધાર ટેકનોલજી હતો. પશ્ચિમની ફિલ્મો જોતાં ત્યારે આપણે અચંબામાં પડી જતા પણ હવે ભારતની દક્ષિણની ફિલ્મો પણ એવા અચંબા સર્જવા લાગી છે.




બોલીવુડની મોટાભાગની ફિલ્મો દક્ષિણ ભારતની રીમેક હોય છે. અથવા એના પર આધારિત હોય છે. આર.આર. આર. ફિલ્મે પણ એવા જ ધમાકો બોલાવ્યો હતો અને એમાં પણ વીએફએક્સ ટેકનોલોજીની કમામલ જોવા મળતી હતી. આ ફિલ્મે પણ સારી એવી કમાણી કરી અને ખાસ કરીને એક્શન દશ્યોને કારણે લોકોને એ ફિલ્મ રોમાંચક લાગી.

સિવકલ ફિલ્મો અને અંદર કેજીએફ-૨ ફિલ્મ અત્યારે ચર્ચામાં છે. આ ફિલ્મનો પ્રથમ ભાગ આવ્યો હતો ત્યારે બહુ જામ્યો નહોતો પણ હવે જયારે આ ફિલ્મનો બીજો ભાગ રજૂ થયો છે ત્યારે એ ફિલ્મ ખાસ્સી ચર્ચામાં રહી છે. બોલીવુડના અભિનેતા સંજય દત્ત અને રવિના ટંડન પણ આ ફિલ્મમાં મુખ્ય ભૂમિકા ભજવી રહ્યાં છે. સંજય દત્તને તો આ ફિલ્મની સફળતાને કારણે બીજી ઘણી ફિલ્મોની ઓફરો મળી છે. કેજીએફ-૨ પણ ટેકનોલોજી પર આધારિત દક્ષિણ ભારતની ફિલ્મ છે, જેનું હિંદીમાં ડબિંગ કરવામાં આવ્યું છે. આ ફિલ્મ વિશે એવું કહેવાય છે કે, અત્યાર સુધી અગિયારસો કરોડ રુપિયાની કમાણી કરી ચૂકી છે. સુરતમાં એક જ દિવસમાં જુદાં જુદાં સિનેમાગૃહમાં એના ત્રણસોથી વધારે શો થયા હતા. અને સવારે ૫.૪૫ નો શો પણ હાઉસફૂલ હતો. આ પ્રકારની ફિલ્મો એ બતાવ છે કે, વીએફએક્સ ટેકનોલોજીની મદદથી અવાસ્તવિક લાગતી ફિલ્મો લોકોને હવે વધારે પસંદ પડવા લાગી છે. પણ વીએફએક્સ ટેકનોલોજીની સાથેસાથે દિગ્દર્શકની કલ્પનાશીલતા ભળે તો પરિણામ વધુ ઉત્તમ મળે એવું ખરું કે નહીં ?

### દિન મહિમા

- વિશ્વ ગ્રાફિક ડિઝાઈન દિવસ
- નેશનલ સ્ટેશનરી ડે

આજનું
### ઔષધ

- જૂનો ગોળ અને હળદર છાસમાં મેળવીને પીવાથી પથરી ઓગળી જાય છે.

### ખડખડાટ

- છોકરાવાળા છોકરી જોવા ગયા.
છોકરીના પપ્પા : તમારો દીકરો શું કરે છે ?
છોકરાના પપ્પા : બેંકમાં નોકરી કરે છે.
છોકરીના પપ્પા : અરે વાહ... કઈ બેંકમાં છે?
છોકરાના પપ્પા : SBI માં છે.
છોકરીના પપ્પા : ઓર સોરી, તો તો ના મેળ પડે...
છોકરાના પપ્પા : કેમ, વળી ?
છોકરીના પપ્પા : SBI વાળા બેંકમાં પણ કોઈને જવાબ નથી આપતા તો ઘરમાં ક્યાંથી આપશે.

આજનો
### વોટ્સએપ

- અનુભવ વગરનું કોરું શાબ્દિક જ્ઞાન નિરર્થક છે.

# ‘વેદના રોજે રોજે ડરાવે છેક આવી અડોઅડ આપે ઘા, ને જખમથી ભરેલા દિલને એનો સુંવાળો સ્પર્શ મળે એમ પણ બને

**એમ પણ બને...**
**પારૂલ અમિત**



‘મારા હોઠને મારી સમસ્યાની જાણ હોતી જ નથી આથી તે સદાય હસતા જ રહે છે’

- ચાર્લી ચેપ્લિનનું આ સુંદર અને મહત્વનું વાક્ય..

આપણે એવી સમસ્યાથી પીડાતા હોઈએ છીએ, જેનું કોઈ તથ્ય હોતું જ નથી.

જયારે જીવનમાં ટીકાકારો વધી જાય ત્યારે સમજવું કે આપણી પ્રસિદ્ધની નોંધ લેવાય છે.

જીવનમાં એવું ઘણીવાર બનશે કે ચિંતા અને પીડા સામે શ્રધ્ધા અને વિશ્વાસ એમ બે ફાંટે પડતા રસ્તા સામે આવીને ઉભા હોય.

ટીકાકારો તો મોટા ભાગે અંગત હોય છે.આ સમયે વળતા પ્રહાર રૂપે માત્ર દૂર થવું થોડા સમય માટે એજ મોટો ઉપાય.

એવા લોકો ને જે તમારા માટે ખરાબ વિચારે છે, એમને માફ કરી જીવન જીવતા રહેવું આસાનાથી એ શક્ય ખરું?

બિલકુલ નહીં, તો સરળ ઉપાય એ જ કે એવા લોકોને ગાંડા ગણવા. કારણ ગાંડા તો બોલ્યા કરે.

શું ગાંડાની સામે થવાય? બિલકુલ નહીં..એ આપણને ઈજા જ પહોંચાડે.અને એમનો ઈલાજ કરવો પણ સહેલો નથી હોતો.

પણ! હા, એમનાથી દૂર જરુર ખસી જવાય થોડા સમય માટે.

પછી ગાંડો માણસ આપો આપ જગ્યાએથી ખસી જશે. બની શકે એ પોતાનો આક્રોશ કે ગાંડપણ ઠાલવવા બીજાને શોધશે, કારણ એનું કામ એજ હશે...

જે સમયે આપણને લાગે કે આપણું સ્થાન સ્થિર કરવું છે, તો થોડા સમય માટે એ જગ્યાએથી ખસી જવું ઉત્તમ દ્રઢ નિર્ણય કરવા અને નવી યોજના સાથે પાછા ફરવા માટે.

આ સમયે જો આપણે આપણી જાત પ્રત્યે પ્રમાણિક હોઈશું તો અવશ્ય કામયાબ થઈશું.

નકારાત્મક કશું પણ વિચાર્યા વગર માત્ર સપના સિદ્ધ કરવા માટેના પ્રયત્નો જ વધારી દેવા, આપોઆપ શ્રધ્ધા અને વિશ્વાસનો રસ્તો ચોખ્ખો થતો દેખાશે.

જો આપણા પ્રયત્નો સાથે ચિંતા અને પીડાને જોડે રાખશું તો રસ્તો ધૂંધળો થઈ જશે, કદાચ આપણી દિશા અને ધ્યેય અસ્પષ્ટ થઈ જશે,

માટે શ્રધ્ધા અને વિશ્વાસ સાથે, પ્રબળ યોજના સાથે અને સાફ ચોખ્ખા વિચારોથી પ્રમાણિક પ્રયત્નોને દિલ અને દિમાગ બંનેમાં ભેળવશું તો કોઈ અગમ્ય શક્તિ આપણી સાથે જરૂર આવશે, પોઝિટિવ વિચારો થકી.

અને આ જ શક્તિ જ આપણને આપણા અંતિમ ધ્યેય સુધી પહોંચવામાં મદદ કરશે.

કોઈપણ વ્યક્તિ દુઃખ અને પીડા પહોંચાડે ત્યારે એ વાત ને એ પરિસ્થિતિને વધુ મહત્વ આપવું જ નહીં, કારણ એવી વ્યર્થ વાતો જ આપણા પ્રયત્નોને નબળા પાડે છે.

શું ટીકાકારો ની ટીકાથી આપણું બેંક બેલેન્સ ખાલી થઈ જાય છે? નહીં ને? તો શું કામ આપણી ખુશીઓ નું બેલેન્સ ખાલી કરવાનું આપણે.

કોઈપણ પ્રકારની વાહિયાત વાત કે ચર્ચા થી આપણે એવા તો થઈ જવાનાં નથી ને.

તો દૂર કરવાના આવા સંબંધ અને આવા પ્રહાર જે આપણા સુધી પહોંચાડે એવા માધ્યમને પણ.

એક સરળ પ્રક્રિયા કહું તો એવું થિંકિંગ રાખવાનું જેમ મહાભારતની સિરિયલમાં સામેવાળી વ્યક્તિ એક બાણ ફેંકે તો પોતે મંત્રોચાર કરી બે બાણ ફેંકે અને બંને ટકરાય, અને આ બે બાણ પેલા એક બાણના ટુકડા કરી નાંખે.

આ આખા સીન ને નજર સમક્ષ રાખવાનો જેવો કોઈ ટીકાનો પ્રહાર કરે એક હળવી સ્માઈલ વાળો મંત્રોચાર કરી ટીકા રૂપી બાણના ટુકડા કરી દેવાના.

કોઈ ઈર્ષાભાવ અને વિકૃત મગજ વાળાની વાતોથી આખે આખું જીવન અટકી પડતું નથી.

આત્મવિશ્વાસ સાથે, ગરિમા જાળવીને અને માથું ઊંચું રાખીને જીવવાનું, કોઈપણ પ્રકારની લઘુતાગ્રંથિ કે આવું કેમ? શું કામ? મારી સાથે આવો વ્યવહાર? આવું બધું બિલકુલ વિચારવાનું જ નહીં.

દુનિયા ખુબ મોટી છે, અને તમારા સપના પણ, જે ની સામે આવા લોકો ઘણાં નાના છે.

જો તમે ખુદને પ્રેમ કરતા હશો અને જો તમારું વ્યક્તિત્વ સારુ હશે તો નસીબ સાથ જરૂર આપશે.

નેગેટિવ વાતો કરનાર માણસ ક્યારેક ભૂતકાળમાં આપણને ખુબ નજીકથી ઓળખતો હશે જ. (હા આવા કામ આવા લોકો જ કરી શકે)

પરંતુ કોઈપણ સંબંધમાં બંધાયેલી બે વ્યક્તિ અલગ પડે તો સમજી લેવું કે આખો સંબંધ જ ખોટો હતો જ નહીં,એ વ્યક્તિ જ ખોટો હતો.

ઘણીવાર સંબંધોના અંતનું કારણ સમજદારીના અભાવ કરતા આપણે કરેલો વધુ પડતો વિશ્વાસનો જવાબદાર હોય છે.

વિખરાઈ જવા માટે ઘણા બહાના મળતા હોય છે, કે મને આમ હેરાન કરે છે, મારાં વિશે આવી વાતો કરે છે, પરંતુ સપના સાથે જોડાઈ જવા માટેની તકો પણ એટલી જ મળતી હોય છે, બસ એના માટે સમય અને સંજોગ બનાવવો પડતો હોય.

ઈશ્વર પૃથ્વી પરની દરેક વ્યક્તિને રોજ ખુશ થવાનું એક કારણ, એક તક તો આપે જ છે ફક્ત આપણે એ તક કે પ્રસંગને શોધી ખુશ થવાનું હોય છે, હા એ ટીકાઓ ને પણ હાંસીમાં ઉડાડી જ શકાય, કારણ જે સત્ય છે જ નહીં એનો શોક શાનો.

ચાલો જીવનમાં એવું કંઈક કરી જઈએ કે આપણને આજે ફેસબુકમાં શોધનારા ગુગલમાં શોધે.હા આપણી સિદ્ધનું લાબું લચક લિસ્ટ જેટલી એમની ટીકા હતી એનાથી અનેક ગણું.

કોઈએ સાચું જ કહ્યું છે કે-


‘પ્રશંસા થશે તારી, તું સહેજે હરખાતો નહીં, ટીકા પણ થશે તારી, તું સહેજે ગભરાતો નહીં, માણસે માણસે તારું બદલાશે મૂલ્યાંકન, તારા અનુભવોને છોડી તું બીજાના રસ્તે ચાલતો નહીં’

પારુલ અમિત ‘પંખુડી’

- parulamit198@gmail.com

# તર્ક અને તર્કના લોપ વચ્ચેની આભાસી રેખાની પેલે પાર બેઠેલા ગાંડા

**જાત સાથે વાત**
**ધર્મેન્દ્ર ત્રિવેદી**



કાઠિયાવાડીઓ હાલતાંને ચાલતાં બોલે કે “ઈ તો ગાંડીનો છે” “ગાંડો મઈરો છે”. ગાંડુ હોવું એ હકીકતમાં હશે શું એ વિચાર પોતે પણ વિચાર માંગી લે એવો વિચાર છે. એક સાઉથ ઈન્ડિયન ફિલ્મ જોયેલી, જેમાં એક કૂટુંબને પોતાના ઘરમાં અચાનક ભૂતો દેખાવા લાગે છે અને આ કુટુંબીઓ આ ભૂતોને જોઈને થથરી જાય છે, ભયભીત થાય છે. સમય જતાં આ કુટુંબીઓને ખ્યાલ આવે છે કે, હકીકતમાં તો તેઓ જેમને ભૂત સમજે છે તેઓ તો જીવતા માણસો છે અને પોતે જ ભૂત છે!

સૌરાષ્ટ્રમાં ભાવનગર અને પોરબંદર જેવાં શહેરો ગાંડાઓ માટે પ્રખ્યાત છે. જાણકારોના કહેવા મુજબ ગાંડા જયાંના હોય ત્યાંથી તેમનાં સગાં-વ્હાલાં અથવા તે જે વિસ્તારમાં રહેતો હોય ત્યાંના લોકો તેમને ફોસલાવીને કોઈ ટ્રેઈનમાં બેસાડી દે અને એ ટ્રેઈનની મંઝિલ જયાં પૂરી થતી હોય તે તમામ શહેરોમાં આ ગાંડા ઉતરી જાય. તેથી આવાં શહેરોમાં ગાંડાની સંખ્યા બીજા શહેરો કરતાં હંમેશાં ઊંચી હોય.

ગાંધીનગરમાં વસવાટ કર્યા બાદ થોડા ગાંડા જોયા છે અને મારા અમુક કરીબી મિત્રો એવું પણ કહેતાં કે “એકનો વધારો થયો, બીજું શું હેં?” એક ડોશીમાની સાથે પાગલ જેવો લાગતો આધેડ મૂંગો મૂંગો ફર્યા કરતો. આ માજી બધા પાસે “સાયબ, મારા ગોંડિયા હારૂ કાંક આલો . . .” ગાંધીનગરનો એક ગાંડો ઋતુબાધ વગર જ બારેમાસ-ચોવીસે કલાક ધાબળો ઓઢીને ફરતો જોયેલો. તમે ચાવાળાને ત્યાં ચા પીતા હો તો અચાનક પ્રગટ થાય અને થોડું ઝૂકીને નમ્રતાથી હોઠે હથેળીનો કુબો બનાવીને ચા પીવી છે એવો ઈશારો કરે. બે ત્રણ ઈશારે તમે ડાહ્યા હોવા છતાં પણ ના સમજો તો કહે “ ચા . . . ચા . . . ચા પીવરાવો . . .” આ ગાંડાને મેં જેટલી વાર ચા પીવરાવી એટલી વાર એણે કદી ચા પીવાની ના પાડી નથી. મને પણ ગમે ત્યારે કોઈ ચા પીવાની ઓફર કરે છે તો મને યાદ નથી કે મેં કદી પણ ના પાડી હોય !

ગાંધીનગરના સેક્ટર-૨૧ માં એક ભયાનક ગાંડો હતો. ફૂટપાથની ધારે ઊભો રહીને આકાશ ભણી અજાણ્યા દુશ્મન સામે એક હાથ લાંબો કરીને કાનમાંથી કીડા ખરી પડે એવી ગાળો બોલતો. શક્ય છે કે તે જયારે રેશનલ જગતમાં હશે ત્યારે કદાચ પોતાને પ્રતાડિત કરનારા દુશ્મનોને ગાળો નહીં બોલી શકવાની નબળાઈને કારણે જ તેનું ગાંડાઓના પ્રદેશમાં સ્થળાંતર થયું હોય. ગાંડા તર્કબદ્ધતા અને સંપૂર્ણ અતાર્કિકતા વચ્ચે પ્રવાસ કર્યા કરતા હોય એવું મને લાગે છે.

ગાંડા તરીકે સૌરાષ્ટ્રની રેલવે લાઈનમાં અપ-ડાઉન કરતા એક “પોપટ” નામના પાગલની વિશેષતા એ છે કે એ કદી ‘ભગવાન’નું નામ કોઈ પણ સ્વરૂપે નહીં બોલવાની જીદ લઈને બેઠો છે. લોકો તેના મોંએ ભગવાનનું નામ બોલાવવા અમાનવીય જુલમો ગુજારે છે, પણ પોપટ અડગ રહીને “પોપટ ઈ નો બોલે”નું રટણ જપ્યા કરે છે. આ પોપટને મેં બાળપણમાં સાક્ષાત્ જોયેલો અને અનુભવેલો.

હમણાં એક ગાંડો જોયો શહેરમાં. સુપરમેન બાદ આ કદાચ બીજો ગાંડો હશે જે પેન્ટની ઉપર ચડ્ડી પહેરે છે. આ મસ્ત મૌલા શહેરના ચોક્કસ સ્થળ પર રોડ-સાઈડ સતત આંટા મારે અને જોર-જોરથી કોઈ ગેબી ભાષાના મિશ્રણમાં ગીતો લલકારે છે. તેને જોઈને વિચાર આવે કે સાઉથ ઈન્ડિયન મુવીની માફક હકીકત શું હશે ? ગાંડુ કોણ ? શક્ય છે કે આપણે અને ગાંડા બન્ને એવી દુનિયામાં વસીએ છીએ, જેની વચ્ચે માત્ર એક આભાસી પારદર્શક દીવાલ છે. શક્ય છે કે આ જ પારદર્શક દીવાલની પેલે પાર બેઠેલા તેઓ આપણા ડાહ્યા હોવાને હિણપતભરી નજરે પણ જોતા હોય અને એક-બીજાને “ડાહીનો” કહીને અપમાન પણ કરતા હોય.

પાગલોની દુનિયા, તેમની ભાવના અને લાગણીઓ વિશે વિચારીએ ત્યારે આપણને આ દુનિયા આભાસી લાગે. હકીકતે તો સત્ય એ પણ છે કે આપણે બનાવેલા માપદંડ અને ધારાધોરણોમાં ફીટ ન થતાં અથવા કેટલાયે કારણોસર તર્ક અને તર્કના લોપ વચ્ચેની આભાસી રેખાને ઓળંગીને પોતાની આગવી દુનિયામાં સ્થળાંતર કરી ગયેલા આ લોકો “ડાહ્યા” હોય અને આ તરફ રહી ગયેલા આપકણે ગાંડા હોઈએ. મારી વાત કરું તો હું તો આ પારદર્શક દુનિયાની બન્ને તરફ જીવ્યો છું. કોઈએ કહ્યું પણ છે કે “ધેર ઈઝ મેથડ ઈન મેડનેસ.” તો મિત્રો, તમે તમારી એ મેથડ પર ક્યારે દષ્ટિપાત કરશો ?

**હેન્ડબ્રેક :**

‘જીવનને જીવનની જેમ સરળતાથી લેવું જોઈએ, જીવનને આપણી અપેક્ષા મુજબનું જોવું તે પાગલપન છે.’

- મિગ્વેલ ડી સર્વાંટીસ

- djtrivedi@gmail.com